# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/પીજી/૨૦૧૯/૪૦૨૫૯ તા.૧૧/૦૫/૨૦૧૯

**પરિપત્ર-** ૯૨૪

**એમ.એ./એમ.કોમ./એમ.એસસી./એમ.એસ.ડબ્લ્યુ./એલએલ.બી. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ અંગે સુચના**

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે ઉપરોક્ત અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા તેમજ સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

**પ્રવેશ અંગેની સૂચનાઓ:-**

૧. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી કોલેજ/પી.જી. કેન્દ્રની રહેશે.

૨. કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર દ્વારા યુનિવર્સિટી દ્વારા જે વિષયોની મંજુરી હોય તેની માહિતી કોલેજ/અનુસ્નાતક કેન્દ્રએ નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકવી.

3. અ. દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી વેબસાઇટ www.sggu.ac.in પર આપેલ એડમીશન પોર્ટલમાં જઇ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું અને માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજમાં જમા કરાવવાનું રહેશે.
   બ. વિદ્યાર્થીએ જે માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજ માં પ્રવેશ લેવા માંગતા હોય તે દરેક માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજનું અલગ ફોર્મ ભરવાનું રહેશે.

૪. કોલેજ/પી.જી. કેન્દ્રએ યુનિવર્સિટી વેબસાઇટ www.sggu.ac.in પર Admission-2019 લિંકમાં જઇ રોજે-રોજ પ્રવેશ ફોર્મને ઓનલાઇન વેરીફાઇ કરવાનું રહેશે અને વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

૫. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. ઓર્ડીનન્સીસ અને રેગ્યુલેશનમાં જણાવ્યા મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી. (વિગત યુનિવર્સિટીની વેબસાઇટ પરથી મળી શકશે.) જેમાં સંલગ્ન વિષયોમાં નિયત ઇન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી કોલેજ/પી.જી. કેન્દ્રની રહેશે.

૬. દરેક માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએ નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત પ્રવેશ દ્વાર પાસે મુકવી. (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)
   ૧. મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.
   ૨. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઇનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.
   ૩. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.
   ૪. નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઇ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહી.
   ૫. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.

૭. નિયમાનુસાર ડીવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઇ જતા પ્રવેશ બંધ થશે.

૮. દરેક માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુનિવર્સિટીએ ઓબ્ઝર્વર નીમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અંને તેની સઘળી જવાબદારી કોલેજ/પી.જી. કેન્દ્રની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


૧. અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૭ કે તે પછીના નોન ક્રીમીલેયર સર્ટીફિકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૩. આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૯ કે તે પછીના સર્ટીફિકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૪. પ્રવેશ શિડયુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ.ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

૫. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઇનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા કોલેજ/પી.જી. કેન્દ્રની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૬. અનામત જગ્યાઓની ટકાવારી

| અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન/વિષય દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (S) આર્થિક રીતે નબળા વર્ગો | ૧૦% |

(ગ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.

(ii) Increase in intake capacity up to 5% course-wise.

(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.

(iv) Waiving of domicile requirements.

૯. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૦. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં સ્નાતક થયેલ હોય તે સિવાયના ગુજરાત યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કોઇપણ સંજોગોમા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C)/ફાઈનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (F.A.E.C) સિવાય પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા નહી (પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C)/ફાઇનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (F.A.E.C) યુનિવર્સિટી ખાતેથી રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય મેળવી શકાશે)

૧૧. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને રજીસ્ટ્રેશન માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં.

૧૨. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ કોલેજ/પી.જી. કેન્દ્રએ પ્રવેશ આપવો. રજીસ્ટ્રેશન બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૩. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઇ-મેલ **(faculty@sggu.ac.in)** પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઇએ.

તારીખ________પ્રવેશ યાદીનં.________માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએનુંનામ_________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | બેઠકનં./માર્કશીટ નં. | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

૧૪. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ
   અ. ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સિટીની પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.
   બ. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૫. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૬. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેઓ કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.

૧૭. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોઇ તેજ વિષય સાથે ફરીથી તે અનુસ્નાતક કક્ષાએ કરી શકશે નહિ.

૧૮. નિયમિત કે મુલાકાતી અધ્યાપક દરેકે વધુમાં વધુ કોર્ષ દીઠ એક સેમેસ્ટરમાં ૪૦ થી વધુ વ્યાખ્યાનો લઇ શકશે નહિ.

૧૯. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિ કે માન. કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. આ બાબતની જવાબદારી સંપૂર્ણ રીતે પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓની રહેશે.

૨૦. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.

૨૧. સેમેસ્ટરની શરૂઆતમાં જ માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએ નોટીસબોર્ડ પર મૂકી વિદ્યાર્થીનુ ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહિ હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહિ અને યુનિવર્સિટી હાજરી માફ

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદકુપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

કરશે નહિ. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્અનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.

૨૨. વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માટે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઇ શકશે નહિ, ખૂટતી હાજરી માફ કરવા યુનિ. માં કેસ મોકલવા નહિ.

૨૩. પરીક્ષા ફોર્મ રદ કરવાની જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે. યુનિવર્સિટી તે પરત્વે જવાબદાર રહેશે નહિ. તેની નોંધ લેવા વિનંતી છે.

૨૪. પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટી ધારાધોરણ મુજબ નક્કી કરી પ્રવેશ આપવો.

૨૫. રિઝલ્ટ જાહેર થયેલ હોઇ અને માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવેલ ના હોઇ તેવા સંજોગોમાં ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પ્રિન્સીપાલશ્રીના સહી સિક્કા કરાવી સામેલ કરે તો તેવા ફોર્મ સ્વીકારવાનું રાખવું.

૨૬. સંસ્થામાં રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાના ઇન્ચાર્જ/આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી રેગીગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે આ સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવો.

૨૭. બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ૫% ક્વોટા રાખવો જો જગ્યાઓ ખાલી હોય તો શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મેરીટના આધારે તક આપવી.

૨૮. ૬૨ વર્ષથી ઉપરના કોઇ પણ વ્યક્તિને ડાયરેકટર, ઇન્ચાર્જ ડાયરેકટર કે પી.જી. ઇન્ચાર્જ તરીકે કોઇપણ સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહી.

## <u>ફી સ્ટ્રકચર</u>

૧. ગ્રાન્ટેબલ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજો/પી.જી. કેન્દ્રોએ ફી સ્ટ્રક્ચર માટે પરિપત્ર-૮૧૮ ધ્યાને લેવાનો રહેશે.

૨. દરેક પ્રકારની ફી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લેવાની રહેશે. પુરાવા સાથે લેખિતમાં વધારે ફી લીધાની ફરિયાદ આવશે તો યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ડિપોઝીટના સ્વરૂપમાં પણ કોઇ ફી લઇ શકાશે નહી. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/પી.જી ઇન્ચાર્જની રહેશે.

૩. કોઇપણ કોલેજ/પી.જી. કેન્દ્રમાં નિયત સંખ્યા કરતા એકપણ વિદ્યાર્થી વધારે લેવામાં આવશે, તો આવા વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશનની કોઇ જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.

૪. અલગ અલગ નામે કોઇ વધારાની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહી.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઇ પણ નામે યુનિવર્સિટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજ/પી.જી. કેન્દ્રની માન્યતા રદ્દ થશે આ માટે યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહી.

૭. તમામ કોલેજો/પી.જી કેન્દ્રોએ સેમેસ્ટર દીઠ જ ફી લેવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહી.

૮. સ્વનિર્ભર કોલેજો/પી.જી. કેન્દ્રો યુનિવર્સિટીની સંલગ્ન/માન્ય કોલેજ/પી.જી. કેન્દ્ર હોઇ, નિયમ અનુસાર સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ રહેશે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટસ ટીચર, પટાવાળા વગેરે તમામ સ્ટાફને ફરજીયાત નિમવાના રહેશે. અન્યથા યુનિવર્સિટી માન્યતા રદ્દ કરવા સુધીના પગલા અચુક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

**એમ.એ./એમ.કોમ./એમ.એસસી./એમ.એસ.ડબ્લ્યુ./એલએલ.બી. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | તારીખ |
|---|---|---|
| (૧) | વિધાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની અને કોલેજ ખાતે જમા કરાવવાની તારીખ | ૧૫/૦૫/૨૦૧૯ થી ૨૮/૦૫/૨૦૧૯ |
| (૨) | માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએ દ્વારા વિધાર્થીઓના પ્રવેશ ફોર્મ વેરીફાઇ કરવાની તારીખ | ૧૫/૦૫/૨૦૧૯ થી ૨૮/૦૫/૨૦૧૯ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૦૧/૦૬/૨૦૧૯ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિધાર્થીઓને ફી સ્વીકારવાનો સમય (કોલેજના સમય મુજબ) | ૦૧/૦૬/૨૦૧૯ થી ૧૦/૦૬/૨૦૧૯ |
| (૫) | સેમેસ્ટર-૧ ના શૈક્ષણિકસત્રનો પ્રારંભ | ૧૨/૦૬/૨૦૧૯ |

નોંધ : (૧) યુનિવર્સિટીનું ઓનલાઇન ફોર્મ ન ભરેલ વિધાર્થીઓને પ્રવેશ આપવો નહી અને તેવા વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી.

(૨) કોલેજ/પી.જી. કેન્દ્રએ ઉપલબ્ધ બેઠકોને આધારે આવશ્યકતા અનુસાર પ્રથમ મેરીટ યાદી બાદ નિયમ અનુસાર કોલેજ/પી.જી. કેન્દ્રમાં ઉપલબ્ધ Intake આધારે માત્ર મેરીટ યાદી પ્રસિધ્ધ કરી વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે તથા તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં તમામ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.

(૩) જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ ખાલી રહેતી Intake ભરવી.

ઉપરોક્ત તમામ સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગન એમ.એ./એમ.કોમ./એમ.એસસી./એમ.એસ.ડબ્લ્યુ./એલએલ.બી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિધાર્થીઓ તરફ જાણ સારું.